જીજીઆરસી/પીડી-પીસી/ટપક-ફુવારા પ્રમાણ/૨૦૧૮-૧૯ મે ૧૬, ૨૦૧૮

પ્રતિ,

સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ ના રજિસ્ટર સપ્લાયરો,

વિષય: કૂલ વાર્ષિક લક્ષ્યાંક માં ટપક : ફુવારા પદ્ધતિ નું પ્રમાણ ૭૫:૨૫ રાખવા બાબત

વર્ષ ૨૦૦૫ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઇ યોજના સરકારશ્રી વતી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની (એક સ્પેશિયલ પર્પસ વેહિકલ (SPV)) દ્વારા એક સરખા ધોરણે અમલીકરણ કરવામાં આવી રહેલ છે. વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૭-૧૮ ના અંત સુધીમાં કુલ ૧૦,૧૬,૧૫૭ લાભાર્થી ખેડૂતો ને ૧૬,૩૯,૦૭૮ હેક્ટર વિસ્તારમાં માટે સૂક્ષ્મ સિંચાઇ યોજનાનો લાભ આપવામાં આવેલ છે. લાભાર્થી ખેડૂતો દ્વારા અપનાવાયેલ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિઓ માં ટપક : ફુવારા પદ્ધતિઓ નું પ્રમાણ ૪૯:૫૧ જોવા મળેલ છે.

પાણીનો વિવેકપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ એ હાલ ના સમયની તાતી જરૂર છે. આ બાબતની પુર્તતા માટે પાક સિંચાઇમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ મહત્તમ કાર્યક્ષમતા ધરાવતી ટપક સિંચાઇ પદ્ધતિ દ્વારા કરવામાં આવે તે ખૂબ જરૂરી બને છે. પાણી સાથે-સાથે ઊર્જા અને ખાતર ની બચત ની બાબતમાં પણ ટપક સિંચાઇ પદ્ધતિ તકનીકી રીતે મહત્તમ કાર્યક્ષમ છે. ફુવારા સિંચાઇ પદ્ધતિ એક સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ હોવા છતાં, પાક ને સિંચાઇ આપવાની કાર્યક્ષમતા ના સંદર્ભમાં તે ટપક સિંચાઇ પદ્ધતિ ની સરખામણીમાં ઓછી કાર્યક્ષમ છે તેથી તેના વપરાશ થકી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ ન થતાં પાણીની ઉત્પાદકતા માં ઘટાડો થાય છે. વધુમાં, ટપક સિંચાઇ પદ્ધતિ દ્વારા સીધે સીધા પાક ના મૂળ વિસ્તારમાં ટીપે-ટીપે સિંચાઇ કરવામાં આવે છે જ્યારે ફુવારા સિંચાઇ પદ્ધતિ માં પાણીનો છંટકાવ કરવામાં આવતો હોય વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત કરી શકાતી નથી.

બીજી તરફ ગુજરાત એ એવા રાજ્યો પૈકીનું એક રાજ્ય છે જ્યાં કૃષિમાં સિંચાઇ માટે ના પાણીની ગુણવત્તા એક મહત્વનું અવરોધક કારણ છે તેથી ખાસ કરીને જ્યાં પાણીની ગુણવત્તા નબળી છે ત્યાં ફુવારા પદ્ધતિ ના ઉપયોગ માં ઘટાડો કરવો જોઇએ.




રજીસ્ટર્ડ ઓફીસ: ફર્ટીલાઇઝરનગર ટાઉનશીપ, પો. ફર્ટીલાઇઝરનગર, જિ. વડોદરા-૩૯૧ ૭૫૦

ફોન: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૬૯, ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઇ-મેઇલ: info@ggrc.co.in, વેબ સાઇટ: www.ggrc.co.in

CIN No.: U63020GJ1998PLC035039


हरित क्रांति

ઉપર જણાવેલ મુદ્દાઓ પરથી એ ફલિત થાય છે કે ફુવારા પદ્ધતિ ની સાપેક્ષમાં ટપક પદ્ધતિ ના ઉપયોગ માં વધારો કરવો અનિવાર્ય છે. જેના અમલીકરણ માટે આપ ને આપવામાં આવેલ વાર્ષિક લક્ષ્યાંક માં ટપક : ફુવારા પદ્ધતિ નું પ્રમાણ ૭૫:૨૫ રાખવામાં આવેલ છે જે મુજબ આપ દ્વારા પ્રાપ્ત કરવાની વાર્ષિક સિદ્ધિ માં આ પ્રમાણ જાળવવાનું રહેશે. જેની જીજીઆરસી સમયાંતરે સમીક્ષા કરશે જેની નોંધ લેશો.

આભારસહ,
ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લી. વતી,

પી પી દોંગા
ચીફ (એડી, એઆઇ અને એમઆઇએસ)



રજીસ્ટર્ડ ઓફીસ: ફર્ટીલાઇઝરનગર ટાઉનશીપ, પો. ફર્ટીલાઇઝરનગર, જિ. વડોદરા-૩૯૧ ૭૫૦
ફોન: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૬૯, ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઇ-મેઇલ: info@ggrc.co.in, વેબ સાઇટ: www.ggrc.co.in
CIN No.: U63020GJ1998PLC035039

हरित क्रांति